પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૭ | ૧૦ માર્ચ, ૨૦૨૦, મંગળવાર; ફાગણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્લેક મન્ડે : શેરબજાર ધરાશાયી

**સેંસેક્સમાં ૧૯૪૨ પોઇન્ટનો રેકોર્ડ ઘટાડો : સેંસેક્સના ઇતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો થતા ભારે નિરાશા : ઇન્ટ્રા ડે કારોબાર દરમિયાન સેંસેક્સ ૨,૪૬૭ પોઇન્ટ ઘટી જતાં હાહાકાર : કોરોનાની દહેશત, યસ બેંક કટોકટી, ક્રૂડ કિંમતમાં ઘટાડો અને ફાઈનાન્સિયલ વ્યવસ્થામાં સ્થિરતાને લઇને શંકા વચ્ચે બજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી**



મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત, યસ બેંકની કટોકટી અને ક્રૂડની કિંમતમાં રેકોર્ડ ઘટાડાના પરિણામ સ્વરુપે શેરબજારમાં આજે ભૂકંપની સ્થિતિ સર્જાઈ હતી. તમામ કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો હતો. સેંસેક્સમાં તેના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો આજે નોંધાયો હતો. સેંસેક્સના ઈતિહાસમાં સૌથી મોટો ઘટાડો નોંધાવવા માટે વિવિધ પરિબળો જવબાદાર દેખાયા હતા. કોરોના વાયરસના ફેલાવવાને લઈને વધી રહેલી દહેશત તથા ક્રૂડ ઓઈલની કિંમતમાં રેકોર્ડ ઘટાડાના પરિણામ સ્વરુપે શેરબજાર આજે પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. સેંસેક્સ એક વખતે ૧.૪૫ વાગે ૨૪૬૭ પોઈન્ટ સુધી ઘટી ગયો હતો અને એ વખતે સેંસેક્સની સપાટી ૩૫૧૦૯ થઈ ગઈ હતી. જો કે, ત્યારબાદ તેમાં આંશિક સ્થિતિમાં સુધારો થયો હતો અને કરોબારના અંતે સેંસેક્સ ૧૯૪૨ પોઈન્ટ ઘટીને ૩૫૬૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો તેમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. રિલાયન્સના શેરમાં ૧૪ ટકાની


● અનુસંધાન પાના - ૭ પર

## શેરબજાર ધરાશાયી થતાં રોકાણકારોને ૬.૫૦ લાખ કરોડનું જંગી નુકસાન

**સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં જંગી નુકસાન થયું : વિદેશના રોકાણકારો જોરદાર વેચવાલીના મૂડમાં દેખાયા**

મુંબઈ, તા. ૯

શેરબજારમાં આજે સોમવારના દિવસે પણ કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા ચિંતાનુ મોજુ રહ્યુ હતુ. આજે કારોબારીઓએ તીવ્ર મંદી વચ્ચે મિનિટનોના ગાળામાં લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બીએસઈ સેંસેક્સ બપોરના ગાળામાં ૨૪૬૭ પોઈન્ટ સુધી ઘટી ગયો હતો જ્યારે નિફ્ટી ૬૪૭ પોઈન્ટ સુધી ઘટી ગયો હતો જેના પરિણામ સ્વરુપે ઈક્વિટી મૂડીરોકાણકારોની સંપત્તિમાં ૬.૫૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. મૂડીરોકાણકારોની સંપત્તિ હાલમાં સતત ઘટી રહી છે. ગયા શુક્રવારના દિવસે અને છેલ્લા શુક્રવારના દિવસે પણ મૂડીરોકાણકારોએ જંગી સંપત્તિ ગુમાવી દીધી હતી. કારોબાર શરૂ થતાંની સાથે જ વૈશ્વિક બજારોની અસર વચ્ચે કારોબારીઓ નુકસાનમાં ગરકાવ થયા હતા. દુનિયાભરના બજારોમાં વેચવાલીનું દબાણ વધી ગયું છે. સ્થાનિક શેરબજારમાં પણ આજે કોહરામની સ્થિતિ રહી હતી. આજે મિનિટના ગાળામાં જ કારોબારીઓએ લાખો કરોડ ગુમાવી દીધા હતા. આજે બજારમાં રહેલી સ્થિતિનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે, માત્ર મિનિટોમાં જ બીએસઈના રોકાણકારોએ આશરે લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બજારોમાં અંધાધૂંધીની અસર વચ્ચે શેરબજારમં મંદી રહી હતી. મોટાભાગના શેરોમાં અફડાતફડી રહી હતી. શેરબજારમાં ઘટાડા માટે જુદા જુદા પરિબળો રહ્યા હતા. નિફ્ટીમાં ઉતારચઢાવની સ્થિતી રહી હતી. કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. શેરબજારમાં અફડાતફડી અને અંધાધૂંધી વચ્ચે રોકાણકારોની સંપત્તિમાં મોટા ગાબડા પડ્યા છે.



# ઉત્તરીય ઈટાલી સીલ : ન્યુયોર્કમાં ઈમરજન્સી

**વેનિસ, મિલાનમાં અવરજવર પર અંતે બ્રેક : ઇન્ફેક્શનને લઇને ભય : એક ચતુર્થાન્સ વસ્તી ઘરમાં કેદ**

વોશિગ્ટન, તા.૯

દુનિયાના દેશો કોરોના વાયરસના કારણે પરેશાન છે.સમગ્ર ઉત્તરીય ઈટાલી સીલ કરી દેવામાં આવ્યુ છે. જ્યારે અમેરિકાના ન્યુયોર્કમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ઈટાલી, દક્ષિણ કોરિયા અને ઈરાનમાં હાલત કફોડી બનોલી છે. ઈન્ફેકશનના કારણે દુનિયાના દેશોમાં હાહાકાર મચી ગયો છે. વેનિસ, મિલાન સહિતના મોટા ભાગના વિસ્તારોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. એક ચતુર્થાન્સ ઘરમાં લોકોને કેદ કરી દેવામાં આવ્યા છે. ઈટાલીમાં મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ઈત્તરીય ઈટાલીમાં મોટા ભાગના વિસ્તારમાં કઠોર

● અનુસંધાન પાના - ૭ પર



## નિર્ભયા કેસમાં દોષિતોના બધા દાવપેચ જારી, ફાંસી નહીં ટળે

**દોષિતોને ૨૦મી માર્ચના દિવસે ફાંસી અપાનાર છે મુકેશની અરજી ઉપર ૧૬ માર્ચના દિવસે સુનાવણી કરાશે**

નવી દિલ્હી,તા. ૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગ રેપ અને હત્યા કેસના મામલામા ફાંસીથી બચવા માટેના તમામ દાવપેંચ અપરાધીઓ દ્વારા અજમાવવામાં આવી રહ્યા છે. જો કે જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે આ વખતે ફાંસીની તારીખ ટળી શકશે નહીં. ૨૦મી માર્ચના દિવસે સવારે ૫.૩૦ વાગે નિર્ભયાના દોષિતોને ફાંસી થનાર છે. કાનુની જાણકાર લોકો કહે છે કે હવે ફાંસીની તારીખ ટળવાની શક્યતા દેખાઈ રહી નથી. નિર્ભયાના દોષિત મુકેશ તરફથી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને ક્યુરેટિવ પિટીશન ફરી એકવાર દાખલ કરવાની મંજુરી માંગવામાં આવી છે. જેના પર સુપ્રીમ કોર્ટમાં ૧૬મી માર્ચના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. બીજી બાજુ અન્ય અપરાધીઓના વકીલ એપી સિંહે કહ્યુ છે કે આવનાર સપ્તાહમાં તેમના તરફથી અન્ય અરજી પણ કરવામાં આવનાર છે. ફાંસી પર રોક માટે અપીલ કરવામાં આવનાર છે. આ રીતે જોવામાં આવે તો અપરાધીઓ હવે કોઈ પણ કાનુની દાવપેચ અજમાવતા ખચકાટ અનુભવ કરી રહ્યા નથી. જો કે કાનુની જાણકાર લોકો કહી રહ્યા છે કે હવે ફાંસીની તારીખ બદલી નાંખવામાં આવનાર નથી. મુકેશના વકીલ એમએલ શર્મા તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારત સરકાર, દિલ્હી સરકાર અને એમિકસ ક્યુરીને પ્રતિવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે. અરજીમાં કહેવામાં

● અનુસંધાન પાના - ૭ પર

# ભારતમાં ૮૭૪૦૦૦ યાત્રીનું સ્ક્રિનિંગ

**કુલ પોઝિટિવ કેસો ૪૩ : ૫૬ લેબમાં ચકાસણીનો દોર જારી : કોરોના વાયરસને ધ્યાનમાં લઇને કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધનની કેજરીવાલ અને અન્યોની સાથે ઉચ્ચસ્તરે મિટિંગ : આઈશોલેશન વોર્ડ પણ તૈયાર રખાયા**

નવીદિલ્હી, તા. ૯

ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે છતાં પણ ધીમીગતિએ કેસોમાં વધારો થયો છે. ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૪૩ ઉપર પહોંચી છે. બીજી બાજુ કોરોના વાયરસને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન દ્વારા માહિતી આપવામાં આવી હતી. હર્ષવર્ધને કહ્યું હતું કે, અન્ય દેશોમાંથી આવેલા નવ લાખથી આસપાસના લોકોની સ્ક્રિનિંગ કોરોના વાયરસના અનુસંધાનમાં કરવામાં આવી ચુકી છે. સરકારે આજે માહિતી આપતા કહ્યું હતું કે, વિયેતનામમાં આઠ યુરોપિયન દેશોના નાગરિકો ઉપર વિઝા ફ્રી પ્રવાસ પર પ્રતિબંધ મુકી દીધો છે.

હર્ષવર્ધન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સરકાર દ્વારા જુદી જુદી હોસ્પિટલમાં તૈયારી રાખવા માટે પહેલાથી જ સૂચના આપી છે. આઈશોલેશન વોર્ડ તૈયાર રાખવા માટે દિલ્હી સરકાર સાથે પણ વાતચીત થઈ છે. તબીબો, કોન્ટ્રાક્ટ ટ્રેસિંગ અને અન્ય તકેદારી પણ રાખવામાં આવી રહી છે. મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, દિલ્હી સરકાર અને ઉપરાજ્યપાલ દ્વારા તમામ સાવચેતી રાખવામાં આવી રહી છે. દેશમાં હાલ ત્રણ હજાર જેટલા લોકો ચકાસણી હેઠળ છે.

દિલ્હીમાં પરિસ્થિતિની સમીક્ષા સતત થઈ રહી છે. ચિંતા માટેની કોઈ સ્થિતિ નથી. તેમણે કહ્યું છે કે, છેલ્લા ત્રણ દિવસમાં ૩૧ નવી લેબ ઉભી કરવામાં આવી છે. ૫૬ લેબનો ઉપયોગ કલેક્શન સેન્ટર તરીકે થઈ રહ્યો છે. એરપોર્ટ ઉપર ૮૭૪૦૦૦ લોકોની ચકાસણી થઈ ચુકી છે. દેશભરમાં ૩૦ વિમાની મથકો પર આંતરરાષ્ટ્રીય યાત્રીઓ માટે યુનિવર્સલ સ્ક્રિનિંગની પ્રક્રિયા ચાલી રહી છે. બીજી બાજુ મેંગ્લોરમાં એક કેસ પોઝિટિવ આવ્યો હોવાને અધિકારીઓએ આજે રદિયો આપ્યો હતો. ડેપ્યુટી કમિશનર સિંધુ રુપેશે માહિતી આપતા કહ્યું છે કે, દુબઈથી આવેલી વ્યક્તિ કોરોના વાયરસ હોવાના અહેવાલ જે આવ્યા હતા તે ટેસ્ટ પોઝિટિવ રહ્યા નથી. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ અને અનિલ બેજલ સાથે ડોક્ટર હર્ષવર્ધને બેઠક યોજી હતી.



ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

ધૂળેટીના પર્વ નિમિત્તે તા. ૧૦/૩/૨૦૨૦ને મંગળવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૧૧/૩/૨૦૨૦ને બુધવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

# ક્રુડ ઓઈલના ભાવમાં ઐતિહાસિક ઘટાડો

**બેરલ દીઠ ભાવ ૩૧ ડોલર નજીક પહોંચ્યા, પેટ્રોલ-ડિઝલ સસ્તા થશે : ૧૯૯૧ના ગલ્ફ યુદ્ધ બાદ સૌથી નીચે**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. સાઉદી અરબ દ્વારા રશિયા સાથે પ્રાઈસ વૉર શરુ કરાતાં આ કિંમતોમાં ઘટાડો થયો છે જે ૧૯૯૧ પછીનો સૌથી મોટો ઘટાડો છે. આ ઉપરાંત કોરોના વાયરસ પ્રકોપને કારણે ક્રૂડની માંગ ઘટી રહી છે જેથી વેચવાલીના દબાણમાં તેના પુરવઠામાં તેજી જોવા મળી છે. OPEC અને સહયોગીઓ વચ્ચે બેઠક પડી ભાંગી હતી તેમજ ક્રૂડ ઉત્પાદનમાં કાપ મુકવા અંગે કોઈ સમજૂતી થઈ શકી નથી.

આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર ૧૪.૨૫ ડોલર એટલે કે ૩૧.૫ ટકા તૂટીને ૩૧.૦૨ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. તે ૧૭ જાન્યુઆરી ૧૯૯૧ પ્રથમ ખાડી યુદ્ધ શરુ થવા અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૬ બાદ ક્રૂડની કિંમતોમાં સૌથી મોટો ઘટાડો છે. અમેરિકી વેસ્ટ ટેક્સસ ઈન્ટરમિડિયેટ ક્રૂડની કિંમતો પણ ૧૧.૨૮ ડોલર એટલે કે ૨૭.૪ ટકા ઘટીને ૩૦ ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. ઉંમાં આ જાન્યુઆરી ૧૯૯૧ બાદનો સૌથી મોટો ઘટાડો છે અને ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૬ પછીનું સૌથી નીચલું સ્તર છે. હાલ તે ૩૨.૬૧ પ્રતિ ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

